અપીલ અરજી નં.૪૫૪ તા.૨૯–૩–૧૦

અરજદારઃ–શ્રી રાજેશ આદ્યાપ્રસાદ ગિરિ

સામાવાળાઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશ આદ્યાપ્રસાદ ગિરિની તા.૨૫–૩–૧૦ ની અરજીથી બરતરફ કર્યા તે અંગેના તમામ કાગળો બરતરફી સામે કોર્ટ કાર્યવાહી માટે તમામ કાગળોની જરૂરિયાત માટે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૫૪/૨૦૦૯–૧૦

શ્રી રાજેશ આદ્યાપ્રસાદ ગિરિની તા.૨૫–૩–૧૦ ની અરજીથી બરતરફ કર્યા તે અંગેના તમામ કાગળો બરતરફી સામે કોર્ટ કાર્યવાહી માટે તમામ કાગળોની જરૂરિયાત માટે માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સદર અરજીને અરજદારના દાવાનુસાર ૪૮ કલાકની કક્ષાનો ગણેલ છે કે કેમ? ન ગણેલ હોય તો તેના વાજબી નિર્ણયની નકલ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૦૯ તા.૩–૪–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તથા ૪૮ કલાક કેસ હોવાનું વાજબીપણું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ન.પ્રા.શિ.સ. પત્ર નં.૮ તા.૧૬–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સદર પત્ર નં.૮ અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી અંગે પાના નંગ–૭૨ પ્રતિ રૂા. ૨/– લેખે ૧૪૪/– ભરપાઈ કરવા પાઠવેલ પત્ર નં.૬ તા.૮–૪–૧૦ ની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.૭ તા.૮–૪–૧૦ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૫–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજીમાં મુદ્દા નં.૧ પ્રાથમિક તપાસના તમામ કાગળો , નિવેદનો, નિરીક્ષકશ્રીઓના રીપોર્ટ તથા અહેવાલની પ્રમાણિત નકલો. ૨. અરજદાર તથા આચાર્યને કચેરીમાં બોલાવી જે સવાલ જવાબ કર્યા તે તમામ કાગળો, રીપોર્ટ અને અહેવાલની પ્રમાણિત નકલો. ૩. અરજદારને બરતરફ કરેલ તે અંગેના તમામ આધાર પુરાવાની પ્રમાણિત નકલ. ૪. નિયામકશ્રીની કચેરીમાં ફ.મો. ની દરખાસ્ત કયાંથી આવેલ મંજુરીના કાગળો અરજદારની ફરજ સંદર્ભે નિયામકશ્રીની કચેરીમાંથી આવેલ ૨૦૦૫ થી અત્યાર સુધીના તમામ કાગળોની પ્રમાણિત નકલો. ૫. આ કામગીરી (ફ.મો. હેઠળ અને બરતરફી) માં થયેલ તમામ હુકમો અને કાગળોની પ્રમાણિત નકલોની માહિતી માંગવામાં આવેલ.જે બાબતે અરજદારે વ્યકિતગત જીંદગીને અસરકર્તા માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૨૯–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૯ તા.૩–૪–૧૦ થી અપીલમાં મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની વિગત તેમજ ૪૮ કલાકનો કેસ હોવાનું જણાવેલ તે અંગે વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે સદર માહિતી અંગે અપીલ સાથે કે અપીલ તબકકે અરજદાર તરફથી કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી તથા દસ્તાવેજના પાનાની કુલ સંખ્યા ૭૨ પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા. ૧૪૪/– ભરી માહિતી મેળવવા જણાવેલ. જેમાં રસીદ નં.૩૬૭૧ તા.૮–૪–૧૦ થી નાણા ભરપાઈ કરેલ આપેલી માહિતીના પત્રમાં રસીદ નંબર અને તારીખ જણાવેલ છે. જે અંગે ન.પ્રા.શિ.સ. પત્ર નં.૭ તા.૮–૪–૧૦ થી આપેલ માહિતી પત્રમાં મુદ્દા નં.૧ ની માહિતી પ્રાથમિક તપાસના તમામ કાગળો તથા ખાતાકીય તપાસના કાગળો, નિવેદનો રીપોર્ટ તથા અહેવાલોની પ્રમાણિત નકલ. મુદ્દા નં.૨ ની માહિતી અરજદાર તથા આચાર્યને કચેરીમાં બોલાવી જે સવાલ જવાબ કરેલ તે તમામ કાગળો, રીપોર્ટ અને અહેવાલોની પ્રમાણિત નકલ. મુદ્દા નં.૩ ની માહિતી નિયામકશ્રીની કચેરીમાં ફરજ મૌકુફીની દરખાસ્ત ત્યાંથી મેળવેલ મંજુરીના કામની માહિતી . મુદ્દા નં.૪ ની માહિતી આ કામગીરી (ફરજ મૌકુફી ,બરતરફ થયેલા તમામ પુરાવાના કાગળો). તથા મુદ્દા નં.૫ અંગે પત્ર નં.૮ તા.૧૬–૪–૧૦ થી અરજદારને તા.૨૫–૩–૧૦ ની અરજીથી બરતફર કર્યા તે અંગેના તમામ કાગળો જાવક નં.૭ તા.૮–૪–૧૦ થી માહિતી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ જણાય છે.

આરટીઆઈ એકટની કલમ–૭(૧) તથા નિયમ–૪ હેઠળ વ્યકિતના જીવન કે સ્વાતંત્રયને લગતી માહિતી ૪૮ કલાકમાં આપવાની જોગવાઈ છે. અરજદારને અપીલ તબકકે પૂરતી તક આપવા છતાં સદર કક્ષામાં આ કેસ હોવાનું આધાર સહિત રજૂ કરી શકેલ નથી. પ્રથમદર્શીય રીતે તે કક્ષામાં માહિતીનો કેસ જણાતો પણ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૪–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)...જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી રાજેશ આદ્યાપ્રસાદ ગિરિ,